નાથ શ્રદ્ધાનાં પારખાં લેતો, ને તોય શક્તિ દીધાં કરે; ધૂળમાંથી કનક કરી દેતો, અજબ તારી લીલા ખરે, મારે માથે હજાર હાથવાળો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૬૨ | ૩ ડીસેમ્બર, ૨૦૨૦, ગુરૂવાર; કારતક વદ - ૩ | પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦


# વિશ્વની પ્રથમ વેક્સિન ફાઈઝરને બ્રિટનની માન્યતા

## આગામી સપ્તાહથી બ્રિટનમાં રસીકરણનો પ્રારંભ કરવામાં આવશે : ૧ કરોડ ડોઝ ગણતરીના દિવસોમાં જ બ્રિટનને મળશે




લંડન,તા.૨

બ્રિટેને ફાઈઝર અને બાયોએનટેકની કોરોના વાયરસ વેક્સિનને મંજૂરી આપી દીધી છે. અમેરિકા અને યૂરોપિયન યૂનિયનના નિર્ણય પહેલા જ ફાઈઝર અને બાયોએનટેકની કોરોના વેક્સીનને મંજૂરી આપનારૂ બ્રિટન દુનિયાનો પહેલો પશ્ચિમી દેશ બની ગયો છે. આ વેક્સીન આવતા અઠવાડિયાથી બ્રિટનમાં મળવા પણ લાગશે.

બ્રિટિશ રેગ્યુલેટર MHRAએ કહ્યું હતું કે, કોવિડ-૧૯ સામે ૯૫% પ્રોટેક્શન આપતી આ રસી સુરક્ષિત છે. યુકેએ ૨૦ મિલિયન લોકોને ૨ ડોઝ આપવા માટે રસીના ૪૦ મિલિયન ડોઝનો ઓર્ડર આપેલો છે.

થોડા દિવસ પહેલા જ ફાઈઝર કંપનીએ જાહેરાત કરી હતી કે તેઓ લેબમાં COVID-19 એટલે કે કોરોનાની રસી બનાવવામાં સફળ થયા છે, જે વાયરસની સામે ૯૬% અસરદાર છે, ગત રોજ જર્મનીની બાયોફાર્માસ્યૂટિકલ કંપની બાયોએનટેક અને તેમની અમેરીકી ભાગીદારી ફાઈઝરે

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં વેક્સિન પહોંચાડવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ

## દેશી વેક્સિનની તૈયારીઓ પૂર જોશમાં ચાલુ : મુંબઈ એરપોર્ટ પર વેક્સિન મેનેજમેન્ટની તૈયારીઓ શરૂ, દેશના ઘણા એરપોર્ટ્સને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા

મુંબઈ, તા. ૨

ભારતમાં ઘર આંગણે જ કોરોના વાયરસની વેક્સીન વિકસાવવાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. હવે આ વેક્સીનને દેશના ખુણે ખુણા સુધી પહોંચાડવાની પણ તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે. મુંબઈ એરપોર્ટ પર તો વેક્સીન મેનેજમેન્ટની તૈયારીઓ પણ હાથ ધરી દેવામાં આવી છે. આ ઉપરાંત દેશના અનેક એરપોર્ટ્સને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર જે.પી. સિંહે જણાવ્યું હતું કે, અમારાં તમામ એરપોર્ટ તૈયાર છે. સરકારનો નિર્દેશ મળતાં જ અમે વેક્સિન લોજિસ્ટિક્સનું કામ શરૂ કરી દઈશું. દિલ્હી એરપોર્ટના મીડિયા રિલેશન મેનેજર સર્વોત્તમે કહ્યું હતું કે, અમે સંપૂર્ણપણે તૈયાર છીએ. અમારી પાસે ૧.૫ લાખ મેટ્રિક ટન કોલ્ડ ચેઈન સ્ટોરેજની ક્ષમતા છે.

મુંબઈ તો આ મામલામાં પણ બે ડગલાં આગળ છે. અહીં છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વેક્સિન મેનેજમેન્ટ માટે ઝડપથી એક ટાસ્કફોર્સ બનાવાઈ રહી છે. આ ફોર્સ એરપોર્ટ પર ગ્રાહકો, કંપનીઓ અને સરકારી સંસ્થાઓ વગેરે વચ્ચે સેતુનું કામ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમવારે વેક્સિન વિકસિત અને ઉત્પાદન કરી રહેલી ત્રણ ટીમ સાથે ઓનલાઈન બેઠક કરી હતી, જેમાં જિનોવા બાયોફાર્મા, બાયોલોજિકલ ઈ અને ડૉ. રેડ્ડીના પ્રતિનિધિઓ સામેલ હતા. આ બેઠકમાં વડાપ્રધાન મોદીએ અપીલ કરી હતી કે, વેક્સિન સાથે સંકળાયેલી તમામ બાબતો લોકોને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયાસ કરો. આ દરમિયાન મોદીએ વેક્સિનની મંજૂરીને લગતી પ્રક્રિયા અને બીજા મામલામાં સૂચનો માંગ્યાં હતાં.

દુનિયાની વસતી આશરે સાત અબજ છે. પ્રતિ વ્યક્તિ બે ડોઝના હિસાબે આ તમામ માટે ૧૪ અબજ ડોઝની જરૂર પડે. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના સીઈઓ એલેક્ઝાન્ડર ડે જુનૈકે કહ્યું હતું કે, દુનિયાભરમાં વેક્સિન ટ્રાન્સપોર્ટેશન જ સૌથી જટિલ કામ છે. આ માટે ૧૧૦ ટન ક્ષમતા ધરાવતા જમ્બો જેટબોઈંગ-૭૪૭ વિમાનોએ ઉડાન ભરવી પડશે.

અહેવાલો પ્રમાણે, આકરી સુરક્ષા વ્યવસ્થા સાથે આ ટાસ્કફોર્સ ઓછા તાપમાન ધરાવતા સ્ટોરનું

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના કેસમાં ૩૨ ટકાનો ઘટાડો

## દિવાળીના તહેવારની શરુઆતમાં અને દિવાળી દરમિયાન કોરોનાના કેસમાં ઉછાળા બાદ ફરી પરિસ્થિતિ કાબૂમાં

નવી દિલ્હી,તા.૨

સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે જણાવ્યું કે, લાખોની સંખ્યામાં કોરોનાના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે ત્યારે રોજના નોંધાતા કેસનો આંકડો ૫૦,૦૦૦ની નીચે રહ્યો છે. સરકારે જણાવ્યું કે, ૨૧ નવેમ્બરથી રોજના ૧૦ લાખ જેટલા કેસ કરવામાં આવી રહ્યા છે. આ રીતે નવેમ્બર દરમિયાન ભારતમાં કોરોના કેસમાં ૩૨ ટકાનો ઘટાડો નોંધાયો છે. ભારતમાં કોરોના વાયરસના કેસની સંખ્યા ઊંચી હોવા છતાં દેશમાં નવા કેસ કાબૂમાં આવ્યા છે. નવેમ્બર મહિના દરમિયાન ભારતમાં પાછલા મહિનાની સરખામણીમાં ૩૨% કેસમાં ઘટાડો નોંધાયો છે. ભારતમાં દિવાળીના તહેવારની શરુઆતમાં અને દિવાળી દરમિયાન કોરોનાના કેસમાં ઉછાળો નોંધાયા બાદ ફરી સ્થિતિ કાબૂમાં આવી રહી છે. દિવાળીમાં એક સમયે દિલ્હીમાં રેકોર્ડ બ્રેકિંગ કેસ નોંધાઈ રહ્યા ત્યાં પણ સ્થિતિ કાબૂમાં આવી રહી છે. દુનિયામાં નવેમ્બર મહિના દરમિયાન નોંધાયેલા કોરોના વાયરસના કેસમાં અમેરિકા સૌથી પહેલા નંબર પર છે અને આ પછી બીજા નંબર પર ભારત છે. પાછલા મહિનામાં ભારતમાં ૧૨.૮ લાખ કેસ નોંધાયા છે, જ્યારે અમેરિકામાં સૌથી વધુ ૪૪.૮ લાખ કેસ નોંધાયા છે. આ કોરોના વાયરસની મહામારી આવ્યા પછી કોઈ પણ દેશમાં એક મહિનામાં નોંધાયેલા કેસમાં સૌથી વધારે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષ વર્ધનના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં ૧૪ કરોડ ૧૩ લાખ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૧૧ નવેમ્બરે દેશમાં પોઝિટિવિટી રેટ ૭.૧૫% હતો જ્યારે ૧ ડિસેમ્બરે તે ઘટીને ૬.૬૯% પર પહોંચ્યો છે. ભારતમાં હાલ એક્ટિવ કેસનો આંકડો ૪.૩૫ લાખ થઈ ગયો છે. જ્યારે ભારતમાં કુલ કેસનો આંકડો ૯૪,૬૨,૮૧૦ થઈ ગયો છે. દિવાળી દરમિયાન ભારતમાં કોરોના વાયરસના કેસમાં ઉછાળો આવ્યા બાદ તેમાં ઘટાડો નોંધાયો છે. ગુજરાત, રાજસ્થાન સહિતના રાજ્યોમાં કેસમાં ઉછાળો આવ્યા બાદ નાઈટ કર્ફ્યૂ લાગુ કરવામાં આવ્યો છે જેથી રાત્રે બહાર નીકળતા લોકોને ટાળી શકાય.

# નોઈડામાં ફિલ્મસિટી મામલે ઉદ્ધવ-યોગી આમને સામને

## મહારાષ્ટ્રનો ગરાસ લૂંટાવાનો મુખ્યમંત્રીને ડર : ફિલ્મ સિટી માટે રોકાણકારોની સાથે બેઠક કરવા યોગી આદિત્યનાથ મુંબઈમાં, મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે ખૂબ ખફા

મુંબઈ, તા. ૨

ઉત્તર પ્રદેશના નોઈડામાં બનનારી નવી ફિલ્મ સિટીને લઈને રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ



ઠાકરે સામ સામે આવી ગયા છે. યોગી આદિત્યનાથના મુંબઈ પ્રવાસે છે અને અહીં તેઓ ફિલ્મ સિટીમાં રોકાણ કરવા ઈચ્છુક રોકાણકારો સાથે બેઠક કરવા જઈ રહ્યાં છે. જ્યારે બીજી બાજુ મુંબઈને માયાનગરીની ઓળખ અપાનવારી ફિલ્મ સિટીનો ગરાસ લુંટાવવાના ડરે ઉદ્ધવ ઠાકરે ભારોભાર નારાજ છે અને ખુલ્લેઆમ ધમકી આપી રહ્યાં છે.

ઈન્ડિયન મર્ચન્ટ ઓફ ચેમ્બર્સ ઓફ કોમર્સમાં બોલતાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, મહારાષ્ટ્ર એક ચુંબકીય રાજ્ય છે. ઉદ્યોગપતિઓમાં મહારાષ્ટ્રનું આકર્ષણ આજે પણ કાયમ છે. રાજ્યમાંથી કોઈ ઉદ્યોગ બહાર જશે નહીં, પરંતુ અન્ય રાજ્યોના ઉદ્યોગપતિઓ પણ ઉદ્યોગો સ્થાપવા માટે મહારાષ્ટ્રમાં આવશે. રાજ્યના ઉદ્યોગો રાજ્યમાં જ રહેશે.

ઉદ્ધવ ઠાકરેએ ધમકીભર્યા સ્વરમાં યોગી આદિત્યનાથને કહ્યું હતું કે, સ્પર્ધા રાખવી એ સારી બાબત છે, પરંતુ જો કોઈ રાડો પાડીને કે ધમકાવીને કંઈ લઈ જવા ઈચ્છે છે તો હું તેમ થવા નહીં દઉં. આજે પણ કેટલાક લોકો તમને મળવા આવશે અને કહેશે અમારી પાસે આવો.

# કૃષિ સંદર્ભિત કાયદાને ખતમ કરવા સંસદનું વિશેષ સત્ર બોલાવવા માગ

## દિલ્હી-હરિયાણા સરહદ પર સાતમા દિવસે ખેડૂતોનું આંદોલન યથાવત : સરકાર સાતેની પ્રથમ બેઠક નિષ્ફળ રહ્યા બાદ ૫ ડિસેમ્બરથી સમગ્ર દેશમાં પ્રદર્શનની ચીમકી, ટ્રાન્સપોર્ટર્સનું પણ ખેડૂતોના સમર્થનમાં હડતાળનું એલાન

નવી દિલ્હી

કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હી-હરિયાણા બોર્ડર પર ખેડૂતોનું આંદોલન બુધવારે ૭માં દિવસે પણ યથાવત છે. ખેડૂતોએ સાંજે લગભગ સવા પાંચ વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સ કરી. ક્રાંતિકારી કિસાન યુનિયનના અધ્યક્ષ દર્શન પાલે કહ્યું કે સરકાર કાયદાને ખતમ કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવે. તેઓએ કહ્યું કે ૫ ડિસેમ્બરે મોદી સરકાર અને કોર્પોરેટ વિરૂદ્ધ સમગ્ર દેશમાં પ્રદર્શન કરવામાં આવશે.

ભારતીય કિસાન યુનિયનના અધ્યક્ષ સ્વરાજ સિંહે



કહ્યું કે, 'અમે રસ્તા પર નથી બેઠા. પ્રશાસને બેરિકેડ્સ અને જવાનોને ઊભા રાખીને અમારો રસ્તો રોક્યો છે અને તેથી અમે અહીં રોકાય ગયા છીએ. અમને આ જગ્યા અસ્થાયી જેલ જેવી લાગે છે અને અમને રોકવાની વાત ધરપકડ જેવી છે. અમે જેવા જ અહીંથી છૂટીશું કે સીધા જ દિલ્હી જશું.'

કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર અને રેલવે મંત્રી પીયૂષ ગોયલે, મંગળવારે ખેડૂતોને મનાવવામાં નિષ્ફળ રહ્યાં હતા, જેઓ આજે ગૃહ મંત્રી અમિત શાહને તેમના

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- જાણીતા બોલિવુડના અભિનેતા સન્ની દેઓલ કોરોનાથી સંક્રમિત
- નોબેલ પુરસ્કાર સમારોહ કોવિડ-૧૯ના પગલે ઓનલાઈન યોજાશે.
- ગુજરાત યુનિવર્સિટીની ૮મી અને ૧૭મી ડિસેમ્બરે યોજાનારી પરીક્ષા મોકુફ રખાઈ.
- તાજમહેલમાં ગયા વર્ષની સરખામણી ૪ લાખ મુલાકાતીઓ ઓછા આવ્યા.


**ટીફીન સર્વિસ**

હોમ ક્વૉરોન્ટાઈન માટે ઘરે બેઠા ડીસ્પોઝેબલ પેક ભોજન ટીફીન

મો. ૯૮૨૪૦ ०२०૫૮
મો. ૯૭૨૩૬ ૨૧૨૮૮


# ટ્રાવેલ્સ બસમાં ૧૦૦ ફૂટનો પાઈપ ઘૂસી જતાં બેનાં મોત

## જયપુર-અમદાવાદ હાઈવે ૧૬૨ પરની ઘટના : હાઈડ્રોલિક મશીનથી ૧૦૦ ફૂટ લાંબો પાઈપ ખાડામાં નાખવા દરમિયાન ચાલુ બસમાં પાઈપ ઘૂસી ગયો

જયપુર, તા. ૨

જયપુર-અમદાવાદ નેશનલ હાઈવે-૧૬૨ પર સાંડેરાવ ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે જેમાં એક મહિલા અને એક યુવકનું મોત નિપજ્યું છે સાથે જ બસમાં સવાર ૧૧ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

આ અકસ્માતમાં ગઈ કાલે સાંજે બન્યો હતો. જેમા ગેસ પાઈપલાઈન પાથરતા સમયે કંપનીના અધિકારીઓ અને બસ-ડ્રાઈવરની મસમોટી ભૂલના કારણે બે લોકોના મોત નિપજ્યા હતા. ગઈ




કાલે સાંજે સાંડેરાવ ગામ પાસે કંપનીની ટીમ હાઈડ્રોલિક મશીનથી ૧૦૦ ફૂટ લાંબો અને ૨ ફૂટ પહોળો પાઈપ ઉઠાવીને ખાડામાં નાંખી રહી હતી. તે જ સમયે ત્યાંથી પસાર થતી ખાનગી બસમાં આ પાઈપ ઘુસી ગયો હતો અને બસની આરપાર નીકળી ગયો હતો. ચાલુ બસમાં ૧૦૦ ફૂટનો પાઈપ ઘૂસતા બસમાં સવાર મહિલાનું ગળું કપાયું હતું તો યુવકનું માથું ફાટી ગયું હતું જેના કારણે બસમાં જ બન્નેનાં મોત નિપજ્યા હતા, ત્યાં જ ૧૧ લોકોને ઈજા પહોંચી હતી.


